# રાજયમાં કોરોનાના નવા ૩૨૪ કેસ નોંધાયા

## અમદાવાદ શહેરમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે, જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૨૦એ પહોંચી

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. જેમાં ૦૪ એપ્રિલના રોજ કોરોનાના નવા ૩૨૪ કેસ નોંધાયા છે જ્યારે અમદાવાદ શહેરમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૨૨૨૦એ પહોંચી છે.જેમાં અમદાવાદમાં ૯૪, સુરતમાં ૩૨, વડોદરા જિલ્લામાં ૨૪, વડોદરામાં ૨૪, મહેસાણામાં ૨૧, મોરબીમાં ૧૫, રાજકોટમાં ૧૪, અમરેલીમાં ૧૧, રાજકોટ જિલ્લામાં ૧૧, ગાંધીનગરમાં ૦૮, સુરેન્દ્રનગરમાં ૦૮, જામનગરમાં ૦૭, વલસાડમાં ૦૭, ભાવનગરમાં ૦૬, સુરત જિલ્લામાં ૦૬, પાટણમાં ૦૫, ખેડામાં ૦૪, કચ્છમાં ૦૪, પંચમહાલમાં ૦૪, આણંદમાં ૦૩, નવસારીમાં ૦૩, પોરબંદરમાં ૦૩, ગાંધીનગર જિલ્લામાં ૦૨, ગીર સોમનાથમાં ૦૨, જામનગરમાં ૦૨, અમદાવાદ જિલ્લામાં ૦૧, બનાસકાંઠામાં ૦૧, સાબરકાંઠામાં ૦૧ અને તાપીમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોના રિકવરી રેટ ૯૮.૯૭ ટકા થયો છે . તેમજ કોરોનાથી ૩૧૭ દર્દી સાજા થયા છે.



અમદાવાદમાં રમનાર આઈપીએલની જાહેરાત મેટ્રો રેલમાં ટાટા આઈપીએલ ક્રિકેટ મેચની જાહેરાત કરવામા આવી રહી છે.

### કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ તૈયાર

# સાળંગપુરમાં હનુમાનજીની મૂર્તિ ૪ કરોડના ખર્ચે તૈયાર

## ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે હનુમાન જયંતીનાં દિવસે ઉદ્‌ઘાટન થશે



સાળંગપુર, તા.૪

સાળંગપુર ધામ હવે 'કિંગ ઓફ સાળંગપુર' તરીકે ઓળખાશે. ચાર કરોડનાં ખર્ચે હનુમાન દાદાની મૂર્તિ તૈયાર કરાઈ છે. ત્યારે હવે સાળંગપુર આવતા સાત કિલોમીટર દૂરથી દાદાનાં દર્શન થઈ શકશે. કિંગ ઓફ સાળંગપુર પ્રોજેક્ટ ૧ લાખ ૩૫ હજાર સ્કવેર ફૂટમાં તૈયાર થશે. ૧૩ ફૂટના બેઝ પર દાદાની મૂર્તિ દક્ષિણ મુખી રાખવામાં આવશે. ૧૧,૯૦૦ સ્કવેર ફૂટમાં બનશે વાવ અને એમ્ફી થિએટર. આ એમ્ફી થિએટરમાં ૧૫૦૦ દર્શનાર્થીઓ બેસી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મંદિર સામે ૬૨ હજાર સ્કવેરફૂટ વિસ્તારમાં ભવ્ય ગાર્ડન બનાવાશે. ગાર્ડનમાં ૧૨ હજાર લોકો એક સાથે બેસી શકે તેવી વ્યવસ્થા. ૫૫ કરોડના ખર્ચે ભોજનાલય તૈયાર કરાયું. જે ૩ લાખ સ્કેવર ફૂટમાં પથરાયેલુ છે. એક સાથે ૧૦ હજાર લોકો ડાઈનીંગ હોલમાં બેસી શકશે. લેટેસ્ટ ટેકનોલોજીથી સજ્જ છે આ ભોજનાલયમાં થર્મલ બેઝથી રસોઈ તૈયાર થશે. ૧૫ હજાર લોકોની રસોઈ માત્ર એક કલાકમાં જ બને તેવી મશીનરી. હનુમાન જયંતીના દિવસે આ ભોજનાલયનું ઉદ્ઘાટન થઈ શકશે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના હસ્તે હનુમાન જયંતીનાં દિવસે ઉદ્‌ઘાટન થશે.

શ્રદ્ધાનું બીજું નામ એટલે સાળંગપુર ધામ સાળંગપુર ધામ હવે કિંગ ઓફ સાળંગપુરના નામથી ઓળખાશે. ૫૪ ફૂટની બોર્ઝની વિરાટ હનુમાનજી દાદાની મૂર્તિનું ૫ એપ્રિલના દિવસે થશે અનાવરણ સાથે સાથે ગુજરાતનું પ્રથમ નંબરનું એક સાથે ૧૦ હજાર થી લોકો ભોજન લઈ શકે તેવું આધુનિક ભોજનાલયનું હનુમાન જયંતિ ના દિવસે દેશના ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ઉદ્‌ઘાટન થનાર છે. જેની તમામ તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. બોટાદ જિલ્લાનું વિશ્વ પ્રસિદ્ધ સાળંગપુર ધામ એવું કહેવાય છે કે શ્રદ્ધા નું બીજું નામ એટલે સાળંગપુર ધામ હવે આગામી દિવસો માં કિંગ ઓફ સાળંગપુર નામ થી પણ ઓળખાશે. કારણ કે અહીંયા લાખો લોકોના આસ્થા આ મંદિર પર છે. લોકો દર્શન કરવા દેશ અને વિદેશથી અહીં આવતા હોય. ત્યારે આગામી દિવસોમાં માત્ર ધામ નહિ પણ એક પર્યટક સ્થળ બને અને યુવા વર્ગ પણ અહીં દાદાના દરબારમા આવે તે વાત અને સંતોના વિચાર સાથે હાલ અહીંયા વિરાટ ૫૪ ફૂટની બોર્ઝની હનુમાનજી દાદાની મૂર્તિની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે મૂર્તિ હનુમાજ જયંતીની પૂર્વ સંધ્યાએ દાદાના દરબારમાં લોકો માટે ખુલ્લી મુકવામાં આવશે.આ સાથે લાઈટ એન્ડ સાઉન્ડ સિસ્ટમ સાથે હનુમાન ચાલીસા તેમજ સાળંગપુર મંદિરનો ઈતિહાસ જાણી શકાય તે મુજબનું આયોજન મંદિર પ્રસાસન દ્વારા કરવામાં આવશે. હનુમાનજી દાદાની ૫૪ ફૂટની આ મૂર્તિ કુલ ૧૩૫૦૦૦ સ્કવેર ફૂટ એરિયા માં મુકવામાં આવી છે. અને આ મૂર્તિ નો ૩૦ હજાર કિલો વજન છે. આ મૂર્તિ વેધર પ્રુફ અને ભૂકંપ પ્રુફ છે. આ સાથે આશરે ૭ કિલોમીટર દૂર થી આ મૂર્તિના લોકો દર્શન કરી શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે. મૂર્તિની આસપાસ આશરે ૧૨૦૦૦ લોકો એક સાથે બેસી શકે તેવા વિશાળ બગીચાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. માત્ર ધર્મ પ્રેમી નહિ પણ પર્યટક સ્થળ પર ફરવા ના શોખીનો પણ અહીં આવે અને પર્યટન સ્થળ સાથે હનુમાનજી દાદાના દર્શન કરે તેવા આશ્રય સાથે સાળંગપુર હનુમાનજી મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી અને શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ તમામ કામગીરીને આખરી ઓપ અપાયો છે.

# અમદાવાદીઓ પર પ્રથમવાર પર્યાવરણ ચાર્જનો બોજો નાખવામાં આવ્યો

## શહેરમા વધી રહેલા પ્રદૂષણને સુધારવા સામાન્ય ચાર્જ નાખવામાં આવ્યો છે

અમદાવાદ, તા.૪

અમદાવાદીઓને વધુ એક બોજાની શરૂઆત પહેલી એપ્રિલથી થઈ ગઈ છે. આ ઉપરાત અમદાવાદીઓની હવા પર પણ ચાર્જ અમદાવાદ મહાનગર પાલિકા વસુલ કરશે. અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટની જોગવાઈ અને નવા વર્ષના સુચવેલા નવા વાર્ષિક દર પહેલી એપ્રિલથી લાગુ કરી દેવામાં આવ્યા છે.

અમદાવાદીઓ પર પહેલી વાર પર્યાવરણ ચાર્જનો બોજો નાખવામાં આવ્યો છે. શહેરમા વધી રહેલા પ્રદૂષણને સુધારવા સામાન્ય ચાર્જ અમદાવાદીઓ પર નાખવામાં આવ્યો છે. પહેલા રોડ રસ્તા અને પાણી માટે ટેક્ષ ચુકવો પડતો હતો. પરંતુ હવે પર્યાવરણ ચાર્જ પણ ચાલુ નાણાકિય વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમવાર લાગુ કરાયો છે. ૧૫ ચો.મીટરથી ૫૦૦ ચો.મીટર ઉપર સુધીના રહેણાક મકાનમાં અનુક્રમ રૂપિયા પાંચથી લઈ એક હજાર રૂપિયા સુધીનો ચાર્જ આપવો પડશે. આ ઉપરાત બિન રહેણાક મિલકત એટલે કે કોર્મિશયલ એકમ માટે ૧૫ ચો.મીટરથી લઈ ૫૦૦ ચોમીટર ઉપર સુધીના એકમ માટે અનુક્રમે રૂપિયા ૭૫ થી લઈ ૩ હજાર રૂપિયા ચાર્જ ચુકવો પડશે. અમદાવાદ મહાનગર પાલિકાએ ઠરાવ કર્યો કે, અમદાવાદ શહેરના મોટા ભાગના રહીશો કે, જેઓ પબ્લિક ટ્રાન્સપોર્ટ વાપરતા નથી, તેમજ પોતાના વ્હિકલ વાપરી પર્યાવરણ પ્રદૂષણ ફેલાવેછે. તે ધ્યાને લેતા શહેરના નાગરિકો પાસેથી યુઝર ચાર્જ તરીકે એન્વાયરમેન્ટ ઈમ્પ્રુવમેન્ટ ચાર્જ દાખલ કરવા યોગ્ય જણાય છે. જેથી અમદાવાદ શહેરમાં પર્યાવરણની જાળવણી તેમજ ભવિષ્યમાં પર્યાવરણની સ્થિતિમાં સુધારો પણ થાય. વર્ષ ૨૦૨૩-૨૪ થી કમિશનર દ્વારા સુચવેલા ચાર્જમાં સત્તા પક્ષે અંશતઃ ઘટાડો કરી અમદાવાદીઓને રાહત આપવાનો પ્રયાસ તો કર્યો છે.

અમદાવાદ પાલિકાને પર્યાવરણ ચાર્જ બોજો તો પડશે. પરંતુ સાથે હવે પ્રોપર્ટી ટેક્ષમાં પણ વધારો ચાલુ નાણાકિય વર્ષમાં લાગુ પડી જશે. રહેણાક અને બિન રહેઠાણ મિલકતમાં પણ વધારો સત્તા પક્ષે સુચવ્યો છે. જેમા અત્યાર સુધી રહેઠાણ માટે હાલના દર૧૬ રૂપિયા પ્રતિ ચોમીટર હતો. જે નવા દર રૂપિયા ૨૦ કરાયા છે. અગાઉ કમિશનર દ્વારા આ દર ૧૬ના બદલે પ્રતિ ચોમીટર ૨૩ રૂપિયા કરાયો હતો. જેમા સુધારો કરી હવે ૨૦ રૂપિયા નક્કી કરાયો છે. આજ રીતે બિન રહેણાક મિલકતમાં હાલનો દર પ્રતિ ચોમીટર ૨૮ રૂપિયા હતો. જેમા કમિશનરે ૩૭ રૂપિયા જાહેર કરાયા હતો. પરંતુ સત્તા પક્ષે કમિશનરના સુચવેલા ૩૭ રૂપિયાને પ્રતિ ચોમીટર ૩૪ રૂપિયા ઠરાવ કર્યો હતો.

### ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા

# આદિવાસી સમાજ માટે અલગ ભીલ પ્રદેશની માંગ સાથે મુહીમ શરૂ

## ગુજરાત અને રાજસ્થાન સહિતનાં આદિવાસી નેતાઓને જોડાવા અપીલ કરી

ડેડીયાપાડા, તા.૪

ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન અને મધ્ય પ્રદેશના આદિવાસીઓના ભીલપ્રદેશના આદિવાસીઓને છુટા પાડી દેવામાં આવ્યા છે. ત્યારે આ ચાર રાજ્યોના આદિવાસીઓને ફરી એક કરી એક ભીલ પ્રદેશ બનાવવા આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ અલગ ભીલપ્રદેશ બનાવવા માંગ કરી છે. અને આ માંગને લઈને દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ..પણ એક આદિવાસી હોય તેમને આ અંગે રજુઆત કરશે અને ભીલ પ્રદેશની માંગણી કરી છે આ બાબતે ચાર રાજ્યોના આદિવાસી આગેવાનો ને મળીને આ પુનઃ ચળવળ ચલાવશે. ગુજરાતમાં પણ ઉમરગામથી અંબાજી સુધીના વિસ્તારમાં આદિવાસી નેતાગીરીમાં પણ આ ચળવળમાં ચલાવી ભીલ પ્રદેશ ની માંગણી કરવમાં આવશે.ધારાસભ્ય ચૈતર વસાવા નું કહેવું છે કે સરકાર અત્યારસુધી બસ આદિવાસીઓના નામે મતો ઉઘરવ્યા પણ કોઈ વિકાસ કર્યો નથી જંગલ જમીન છીનવી રહ્યા છે. નથી ભણવાની સગવડ કરતા નથી નોકરીઓ આપતા જેના કરતા અમારો અલગ ભીલ પ્રદેશ હશે તો અમે આદિવાસી સમાજનો વિકાસ કરી શકીશું.જ્યારે બીજી બાજુ ભાજપનાં સાંસદ મનસુખ વસાવા એ કહ્યું કે આદિવાસીસમાજનું રાષ્ટ્રીય સંગઠન થવું જરૂરી છે.પણ આ ભીલ પ્રદેશની માંગણી ખોટી છે કોઈ નેતા સફળ થયું નથી એટલે આદિવાસી સંગઠિત બનો સરકાર ને કોઈ પ્રશ્ન હોય તો જાણ કરો ની વાત કરી હતી. આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ અલગ ભીલ પ્રદેશ બનવવાની મુહિમ શરૂ કરી છે. વાંસદા વિધાનસભાના કોંગી ધારાસભ્યઅનંત પટેલે કહ્યું હતું કે, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં આવનારી ચૂંટણીની તૈયારી શરૂ કરી છે. ત્યારે આદિવાસ વોટ બેંક ઊભી કરવાના પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતમાં આદિવાસી પ્રજાને પરિસ્થિતિ કપરી છે. આદિવાસી સમાજના વિવિઘ પશ્નો ગુજરાત સરકારમાં રજૂ કરાયા છે. આદિવાસી સમાજના જળ, જંગલ અને જમીનના પ્રશ્નો રજૂ કર્યા છે. આ માત્ર ચૂંટણી સમયે વોટબેંક ઊભી કરવાના પ્રયાસો છે.

# ૬ એપ્રિલથી અમદાવાદમાં નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટિવલ શરૂ થશે

## દેશના ટોચના ફોટોગ્રાફર્સના ફોટોગ્રાપી એક્ઝીબિશન્સ, ફોટોગ્રાફી ફેસ્ટિવલ યોજાશે, નવ એપ્રિલ સુધી નવજીવન ટ્રસ્ટ કેમ્પસમાં આયોજન

અમદાવાદ, તા.૪

દેશનાં ચુનંદા તસ્વીરકારોનાં ફોટોગ્રાફ્સ સહિતનાં ફોટોગ્રાફીનાં વિવિધ પાસાઓને આવરી લેતો નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ ગુજરાતમાં સર્વપ્રથમવાર યોજાઈ રહ્યો છે. નવજીવન ટ્રસ્ટ અને અન્ય સહયોગી સંસ્થાઓનાં ઉપક્રમે યોજાઈ રહેલો આ ફેસ્ટીવલ નવજીવન ટ્રસ્ટ કેમ્પસમાં તા. ૬ એપ્રિલથી તા. ૯ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન યોજાશે.

આ અંગે માહિતી આપતા નવજીવન ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી વિવેક દેસાઈએ જણાવ્યું હતું કે નવજીવન ટ્રસ્ટ અને અન્ય સહયોગી સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં સર્વપ્રથમવાર નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તેમાં દેશનાં જાણીતા ફોટોગ્રાફર્સનાં ફોટોગ્રાફી એક્ઝિબિશન્સ, પોર્ટફોલિયો એક્ઝિબિશન્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ફેસ્ટીવલમાં સ્ટ્રીટ એન્ડ ટ્રાવેલ ફોટોગ્રાફી વર્કશોપ અને ક્રિયેટીવ નેચર ફોટોગ્રાફી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

વિવેક દેસાઈએ જણાવ્યું કે શાહીદુલ આલમ, સુચિ કપુર અને નતાશા રાહેજા, અનુશ્રી ફડનવિસ, પ્રશાંત પંજિયાર, સુધારક ઓલ્વે, અમિત દવે, ધ્રિતીમાન મુખર્જી અને વરૂણ આદિત્ય જેવા ટોચના ફોટોગ્રાફર્સના ફોટોગ્રાફી એક્ઝિબિશન્સ આ ફેસ્ટીવલમાં જોવા મળશે. આ ઉપરાંત શિવાંગ મહેતા, ઈન્દ્રજીત ખાંબે, મનીષ લાખાણી, અનેરી નિહલાની, લોપામુદ્રા તાલુકદાર અને જયેશ જોષી જેવા ફોટોગ્રાફર્સના પોર્ટફોલિયો એક્ઝિબિશન્સ પણ આ ફેસ્ટીવલનું આકર્ષક પાસુ બની રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે તા. ૭ અને ૮ એપ્રિલ ૨૦૨૩નાં રોજ લોપામુદ્રા તાલુકદાર દ્વારા સ્ટ્રીટ એન્ડ ટ્રાવેલ ફોટોગ્રાફી વર્કશોપ અને તા. ૮ એપ્રિલ અને તા. ૯ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન સૌરભ દેસાઈ દ્વારા ક્રિયેટીવ નેચર ફોટોગ્રાફી વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે.વિવેક દેસાઈએ વધુમાં જણાવ્યું કે તા. ૬ થી તા. ૯ એપ્રિલ ૨૦૨૩ દરમિયાન યોજનારા ફેસ્ટીવલમાં ફોટોગ્રાફર્સના ઈન્ટરેક્ટીવ સેશન્સ પણ રાખવામાં આવ્યા છે. જેનાથી ફોટોગ્રાફી ચાહકોને આ નિષ્ણાતોના જ્ઞાન અને અનુભવનો લાભ મળશે. નેશનલ ફોટોગ્રાફી ફેસ્ટીવલ સવારે ૧૧ કલાકથી રાત્રિનાં ૯ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

# ડાંગ જિલ્લામાં ભાજપ સંગઠનમાં વધુ આઠ હોદ્દેદારોના રાજીનામાં

ડાંગ, તા.૪

ડાંગ જીલ્લામાં ભાજપ સંગઠનમાં વધુ ૮ હોદ્દેદારોએ રાજીનામાં આપ્યા છે. ત્યારે દશરથ પવારના સમર્થનમાં ૮ હોદ્દેદારોએ રાજીનામાં આપ્યા છે. દશરથ પવારે બે દિવસ પહેલા જ જીલ્લા પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારે એક સાથે ૮ હોદ્દેદારોનાં રાજીનામાથી જીલ્લામાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. ડાંગ જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસમાં કુલ ૧૩ લોકોનાં રાજીનામાં પડ્યા છે.

ડાંગ જિલ્લાનાં આઠ હોદ્દેદારોએ એક સાથે રાજીનામુ આપી દેતા જિલ્લામાં રાજકીય સ્તરે ભૂકંપ આવી ગયો છે. આ સાથે જ ડાંગ જિલ્લામાં કુલ ૧૩ લોકોનાં રાજીનામા પડ્યાં છે. ડાંગ જિલ્લાનાં ભાજપ પ્રમુખ પદ ઉપરથી રાજીનામા બાદ દશરથ પવારે કહ્યું. છેલ્લા બે મહિનાથી ભ્રષ્ટાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવતો હતો. અને આખરે મે રાજીનામું આપવાનું જ યોગ્ય સમજ્યું. મારા મતે રિબાવા કરતાં રાજીનામું આપી દેવું સારું. ૨ દિવસમાં ડાંગ જિલ્લા સંગઠનમાં ૩ હોદ્દેદારોએ રાજીનામું આપતા ભાજપમાં હડકંપ સર્જાયો છે.

# સિંહોની ત્રાડથી સાસણ ગીરનું જંગલ ગૂંજી ઉઠ્યુ

## સિંહો વચ્ચે વર્ચસ્વની લડાઈનો વીડિયો વાયરલ : અવારનવાર સિંહો વચ્ચે જીવ સટોસટની લડાઈ થતી હોય છે, તેવી જ લડાઈ થતાં પ્રવાસીઓના હોશ ઉડી ગયા હતા




જૂનાગઢ, તા.૪

સિંહોની ત્રાડથી સાસણ ગીરનું જંગલ ગુંજી ઉઠ્યું હતું. સાસણના જંગલના જીપસી રૂટ પર ખૂંખાર સિંહો વચ્ચેની લડાઈનો વીડિયો વાયરલ થયો છે. જીપ્સીના રૂટ પર વસવાટ કરતા સિંહો વચ્ચે વર્ચસ્વની લડાઈ જામી હતી અને ગીર અભ્યારણમાં સિંહો આમને-સામને આવતા જંગ જામ્યો હતો. ગાઢ જંગલ સિંહોની ગર્જનાથી ગુંજી ઉઠ્યું હતું. ત્યારે જંગલમાં ભાગ્યે જ જોવા મળતી સિંહોની લડાઈ જોઈને પ્રવાસીઓના પણ હોશ ઉડી ગયા હતા. હાલ સાસણના જંગલનો આ વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે. સાસણગીર જંગલમાં અવારનવાર સિંહો વચ્ચે જીવ સટોસટની લડાઈ થતી હોય છે, તેવી જ લડાઈ થતાં પ્રવાસીઓના હોશ ઉડી ગયા હતા. બહારના ગ્રુપનો સિંહ આવી જીપ્સીના રૂટ પર વસવાટ કરતા સિંહણોના ગ્રુપ પર કબજો જમાવવાનો પ્રયાસ કરતા સિંહણોના ગ્રુપના વનરાજે જીવ સટોસટની લડાઈ ચાલુ કરી હતી. તેવામાં સિંહણોના ગ્રુપનો અન્ય ખૂંખાર વનરાજ વચ્ચે પડી લડાઈ કરતાં ગીરનું જંગલ સિંહોની ત્રાડથી ગુંજી ઉઠ્યું હતું. આવી ઘટનાઓ તો ગીરમાં અવારનવાર બનતી હોય છે પરંતુ ભાગ્યે જ આવી ઘટના રૂબરૂ જોવા મળે છે. જેનો વીડીયો વાયરલ થયો છે. બીજી બાજુ, જંગલમાં સિંહ-સિંહણ તથા તેના બચ્ચાના અવનવા વીડિયો સામે આવતા રહે છે, ત્યારે તાજેતરમાં જ વધુ એક વીડિયો સામે આવ્યો હતો. જેમાં જંગલમાં ભાગ્ય જોવા મળતી પળ ફોટોગ્રાફર કરીમ કડીવારે કેદ કરી હતી. જેમાં સિંહ પોતાના સિંહબાળ સાથે ગમ્મત કરતો જોવા મળ્યો હતો. ફોટોગ્રાફર કરીમ કડીવારે જણાવ્યું હતું કે, આ પ્રકારના દ્રશ્યો કેમેરામાં કેદ કરવાની તક જવલ્લે જ પ્રાપ્ત થતી હોય છે. ત્યારે મને આ તક પ્રાપ્ત થઈ તે માટે હું ખુદને ભાગ્યશાળી માનું છું.

### ડામર કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપલબ્ધ થયુ છે. ગ માર્ગ પર હવે ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. અલબત્ત માર્ગ પર આખો દિવસ ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે હાલ ગ માર્ગનુ બાકી કામ પુર્ણ કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નગરના ગ માર્ગ પર હાલ આખરી ડામરનુ લેયર કરવા માટે કામગીરી ચાલી રહી છે. ગ માર્ગ ને સિકસલેન કરવા માટે રૂ ૧૮ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જો કે હવે મોટાભાગની કામગીરી પુર્ણ થઈ ગઈ છે. જયારે આખરી તબક્કાનુ કામ ચાલી રહ્યુ છે. જેમાં આ ઉપરાંત રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરાશે જેમાં કેટ આઇ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા પણ લગાવાશે. ગ માર્ગની બન્ને સાઈટ યુટીલીટીઝ લાઈન માટે ડકટ પણ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત બન્ને સાઈટ સાઈકલ ટ્રેક પણ તૈયાર કરવામાં આવ્યો છે. શહેરમાં ગ માર્ગ ઉપરાંત રોડ નં - ૬ અને રોડ નં -૭ ના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ જો કે આ યોજના અન્વયે વૃક્ષોની કટોતી કરવાની પણ અનિવાર્ય હોવાનુ મનાઈ રહ્યુ છે. નગરના મુખ્ય ગ માર્ગના વાઈડનીંગનુ કામ કરી દેવાયુ છે. પરંતુ રૂટમાં આવતા વૃક્ષો ગમે ત્યારે માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી બને તેવી સ્થિતિ છે. જો કે હજુ વૃક્ષોની કટોતી મામલે હજુ સુધી વનવિભાગની મંજુરી મળી નથી.

### ૧૦ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૦ અને સે. ૨૭ની મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતી હોવાનું જાણવા મળેલ છે. સે. ૨૯માં આજે ૨૦ વર્ષીય યુવાન તેમજ ૩૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૯ એ અગાઉની લ્હેરમાં પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભર્યુ હતુ. આ સેકટરમાં અત્યાર સુધીમાં ૬ થી વધુ કેસ નોંધાતા તંત્રની ચિંતા વધી છે. સે. ૨ માંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩-એ-ન્યુમાંથી ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સે. ૩ માંથી ૨૪ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ સર્વેલન્સ સઘન કરવા માટે અને ટેસ્ટીંગ વધારવા સાથે આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકિદ કરી છે. શહેરમાં સિનીયર સિટીઝન્સ પણ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં કેસો સતત વધી રહ્યા છે.

### ૩૦૩૮ કેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા કેટલાક દિવસોમાં ભારતમાં કોવિડના કેસોમાં ખૂબ જ તીવ્ર વધારો જોવા મળ્યો છે. એટલા માટે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, લોકોએ સતર્ક રહેવાની જરૂર છે. માંડવિયાએ કહ્યું કે, આપણે સતર્ક રહેવાની જરૂર છે પરંતુ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. હાલમાં દેશમાં ફેલાય રહેલા ઓમિક્રોનના સબ વેરિએન્ટના સંક્રમણની સંખ્યા વધી છે પરંતુ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની સંખ્યામાં વધારો નથી નોંધાયો.

### જીડીપી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સેવાનિકાસ ઓક્ટોબર-ડિસેમ્બર ત્રિમાસિકમાં રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ હતી. તેનાથી અર્થતંત્રને બાહ્ય જોખમથી બચાવવામાં મદદ મળશે કેમ કે ધીમા વૈશ્વિક અર્થતંત્રને કારણે દેશની વ્યાપારિક નિકાસ પર અસર થવાની શક્યતા છે.

### ચલો એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રસ્તાઓ બંધ છે. શિમલા જિલ્લાના ડોડરા ક્વાર વિસ્તારમાં પણ રસ્તાઓ બંધ છે. હિમવર્ષાને કારણે કુલ્લુમાં એક જગ્યાએ, મનાલીમાં બે અને થલોટમાં એક જગ્યાએ વીજળી સેવા પણ ખોરવાઈ ગઈ છે. આ સિવાય ભરમૌર અને લાહૌલ સ્પીતિમાં બે સ્થળોએ પાણી પુરવઠો પ્રભાવિત થયો છે.

### ધરપકડ કરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેંગસ્ટર દીપક બોક્સર ગોગી ગેંગને ચલાવી રહ્યો હતો. તેણે મુરાદાબાદથી રવિ એન્ટિલના નામે નકલી પાસપોર્ટ મેળવ્યો અને ૨૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કોલકાતાથી મેક્સિકો ભાગી ગયો હતો.વર્ષ ૨૦૧૬માં બહાદુરગઢમાં ગોગીને દિલ્હી પોલીસની કસ્ટડીમાંથી છોડાવ્યા બાદ દીપક ચર્ચામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં તેની ગેંગ સામે મકોકા હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી, ત્યારથી તે ફરાર હતો.